COMMERCE

PAPER – II

CODE-17

Name & Signature of the Invigilator

....

....

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ....

....

Question Booklet Sl. No.
172311

Time : 2 Hours] **No. of Printed Pages : 32** **[Maximum Marks : 200**

Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   Example: (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   ઉદાહરણ : (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

DO NOT WRITE HERE

COMMERCE
Paper – II

1. Paul Sweezy, R.L. Hall and C.I. Hitch developed two different versions of
   (A) Group equilibrium under monopolistic competition
   (B) Kinked demand curve model under oligopoly
   (C) Limit pricing theory of oligopoly
   (D) Price leadership of oligopoly

2. Suppliers, customers and rival firms are considered part of ________
   (A) External Business Environment.
   (B) Internal Business Environment.
   (C) Strategic Business Environment.
   (D) Practical Business Environment.

3. Under Marshallian utility analysis, consumer's equilibrium is obtained where
   (A) Marginal revenue is equal to price
   (B) Average revenue is equal to marginal revenue
   (C) Ratio of marginal utilities is equal to price ratio
   (D) Income price ratio is equal to ratio of marginal utilities

1. ______ ના બે વિભિન્ન સંસ્કરણોને પોલ સ્વિઝી, આર.એલ. હોલ અને સી. આઈ. હિચ વિકસાવ્યા.
   (A) ઈજારાયુક્ત હરીફાઈમાં જૂથની સમતુલા
   (B) અલ્પહસ્તક ઈજારાશાહીમાં ખાંચાવાળા માંગ વક્રનો નમૂનો
   (C) અલ્પહસ્તક ઈજારાશાહીની કિંમત મર્યાદા સિદ્ધાંત
   (D) અલ્પહસ્તક ઈજારાશાહીનું કિંમત નૈતૃત્વ

2. પુરવઠાકારો, ગ્રાહકો અને હરિફ પેઢીઓને ______ નો ભાગ ગણવામાં આવે છે.
   (A) બાહ્ય ધંધાકીય પર્યાવરણ
   (B) આંતરિક ધંધાકીય પર્યાવરણ
   (C) વ્યુહાત્મક ધંધાકીય પર્યાવરણ
   (D) પ્રાયોગીક ધંધાકીય પર્યાવરણ

3. માર્શલનાં તુષ્ટિગુણ વિશ્લેષણમાં ગ્રાહક ક્યારે સમતુલા પ્રાપ્ત કરે છે
   (A) સીમાંત આવક કિંમત બરાબર થાય
   (B) સરેરાશ આવક અને સીમાંત આવક સરખા થાય
   (C) સીમાંત તુષ્ટિગુણનો ગુણોત્તર એ કિંમતના ગુણોત્તર બરાબર થાય
   (D) આવક કિંમત ગુણોત્તર એ સીમાંત તુષ્ટિગુણના ગુણોત્તર બરાબર થાય

4. Identify a natural obstacle to international trade.
(A) Import and Export Duty
(B) Transport Cost
(C) Retaliatory Tariff
(D) Imposition of Quota

5. India's Accounting and Auditing Standards Regulator is
(A) ICAI (B) PwC
(C) SEBI (D) NFRA

6. If the shape of indifference curve is concave to the origin, it represents
(A) Increasing Marginal Rate of Substitution
(B) Variable Marginal Rate of Substitution
(C) Constant Marginal Rate of Substitution
(D) Diminishing Marginal Rate of Substitution

7. Match the items in List – I with items of List – II and indicate the correct code of matching from the given options.

List – I	List – II
1. Substitute goods	a. Positive income effect
2. Complimentary goods	b. Tea and coffee
3. Normal goods	c. Car and petrol
4. Inferior goods	d. Negative income effect

Code :

	1	2	3	4
(A)	b	c	a	d
(B)	c	b	d	a
(C)	a	d	b	c
(D)	d	a	c	b

4. આંતરરાષ્ટ્રીય વેપારમાં કુદરતી અવરોધો ઓળખો.
(A) આયાત અને નિકાસ જકાત
(B) વાહનવ્યવહાર પડતર
(C) પ્રતિશોધાત્મક પ્રશુલ્ક
(D) જથ્થાનો યથાનુપાત હિસ્સો

5. ભારતના એકાઉન્ટીંગ અને ઓડીટીંગ ધોરણોના નિયમનકાર છે
(A) ICAI (B) PwC
(C) SEBI (D) NFRA

6. જો સમતૃપ્તી વક્રનો આકાર ઉગમ બિંદુથી જોતા અંતર્ગોળ હોય તો, તે દર્શાવે છે
(A) સીમાન્ત અવેજીના દરમાં વધારો
(B) ચલિત સીમાન્ત અવેજીનો દર
(C) સ્થિર સીમાન્ત અવેજીનો દર
(D) ઘટતો સીમાન્ત અવેજીનો દર

7. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો નીચે આપેલ વિકલ્પોની સાથે સાચી સંજ્ઞાથી જોડો.

સૂચી – I	સૂચી – II
1. અવેજી માલ	a. હકારાત્મક આવક અસર
2. પૂરક માલ	b. ચા અને કોફી
3. સામાન્ય માલ	c. કાર અને પેટ્રોલ
4. હલકો માલ	d. નકારાત્મક આવક અસર

સંજ્ઞા :

	1	2	3	4
(A)	b	c	a	d
(B)	c	b	d	a
(C)	a	d	b	c
(D)	d	a	c	b

8. Under Section 135 of the Companies Act 2013, the eligible companies must spend ___________ of their average net profit from the last three years on Corporate Social Responsibility activities.

(A) 2.0%

(B) 1.5%

(C) 1.0%

(D) 0.5%

9. Share of the profits from the firm by a partner is

(A) Fully taxable

(B) Fully exempt U/S 10 (2A)

(C) Fully taxable under the head salary

(D) Exempted upto ₹ 2.5 lakhs

10. A and B go into a shop, A says to the shopkeeper C, let B have the goods and if he does not pay I will pay. This is a

(A) Contract of Guarantee

(B) Contract of Indemnity

(C) Wagering Contract

(D) Quasi Contract

11. Vertical and horizontal movement of an employee within organization is called

(A) Recruitment

(B) Selection

(C) Performance appraisal

(D) Internal mobility

8. કંપની ધારા 2013 ની કલમ 135 મુજબ પાત્રતાવાળી કંપનીઓએ તેમના છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ ચોખ્ખા નફામાંથી ——— ધંધાની સામાજીક જવાબદારી પ્રવૃતિઓ પર ખર્ચવા જરૂરી છે.

(A) 2.0%

(B) 1.5%

(C) 1.0%

(D) 0.5%

9. ભાગીદાર દ્વારા પેઢીના નફાનો હિસ્સો

(A) સંપૂર્ણ કરપાત્ર

(B) કલમ 10 (2A) હેઠળ સંપૂર્ણપણે કરમુક્ત

(C) પગાર હેઠળ સંપૂર્ણપણે કરપાત્ર

(D) ₹ 2.5 લાખ સુધી કરમુક્ત

10. A અને B દુકાનમાં ગયા, A એ દુકાનદાર C ને કીધું, B ને વસ્તુઓ લેવાદો જો એ ચૂકવણી નહિ કરે તો હું ચૂકવી આપીશ. આ_______ છે.

(A) ગેરંટીનો કરાર

(B) નુકશાન ભરપાઈનો કરાર

(C) શરતબાજી કરાર

(D) અર્ધ કરાર

11. કર્મચારીઓની વ્યવસ્થા તંત્રમાં ઉભી અને આડી ચળવળને કહે છે

(A) ભરતી

(B) પસંદગી

(C) કામગીરી મૂલ્યાંકન

(D) આંતરિક ગતીશીલતા

12. Following are the information for house property income of J. Ramkumar.

Municipal value	₹ 4,50,000
Fair rental value	₹ 5,00,000
Standard rent	₹ 4,80,000
Actual rent	₹ 4,20,000

What is the gross annual value ?

(A) ₹ 4,50,000

(B) ₹ 5,00,000

(C) ₹ 4,20,000

(D) ₹ 4,80,000

13. Which of the following taxes will be levied on imports ?

(A) IGST

(B) CGST

(C) SGST

(D) CGST and IGST

14. In Vroom's Theory, motivation is expressed as;

(A) Valence + Expectancy

(B) Valence × Expectancy

(C) Valence – Expectancy

(D) Valence / Expectancy

12. જે. રામકુમારની મકાન મિલકત આવકની માહિતી નીચે મુજબ છે.

શ્રી જે. રમેશની મકાન મિલકત આવક માટેની માહિતી નીચે મુજબ છે.

મ્યુનિસિપલ મૂલ્ય	₹ 4,50,000
વ્યાજબી ભાડા મૂલ્ય	₹ 5,00,000
પ્રમાણભુત ભાડું	₹ 4,80,000
વાસ્તવીક ભાડું	₹ 4,20,000

કુલ વાર્ષિક મૂલ્ય શું છે ?

(A) ₹ 4,50,000

(B) ₹ 5,00,000

(C) ₹ 4,20,000

(D) ₹ 4,80,000

13. નીચેનામાંથી ક્યા કરવેરા આયાત પર લાદવામાં આવે છે ?

(A) IGST

(B) CGST

(C) SGST

(D) CGST and IGST

14. વૃમની થિયરી પ્રમાણે, અભિપ્રેરણને વ્યકત કરવામાં આવે છે;

(A) વેલન્સ + એક્સ્પેકટન્સી

(B) વેલન્સ × એક્સ્પેકટન્સી

(C) વેલન્સ – એક્સ્પેકટન્સી

(D) વેલન્સ / એક્સ્પેકટન્સી

15. Which one of the following is not an internal factor while deciding the price ?
(A) R.O.I.
(B) Profit
(C) Cash flow
(D) Demand

16. Organization culture is mostly effected by
(A) Technology
(B) Market
(C) Employee
(D) Top management

17. In interview-based research, the term 'response bias' refers to
(A) Bias introduced by the interviewer's expectations
(B) Interviewer failing to record responses accurately
(C) Participants refusing to answer certain questions
(D) Participants providing socially desirable answers

18. Price elasticity of demand is invariably negative because
(A) Marshall has assumed a negative price elasticity of demand
(B) One can easily distinguish between positive and negative price elasticities
(C) Mathematical signs are immaterial
(D) Law of demand postulates an inverse relationship

15. નીચેનામાંથી કયું એક કિંમત નિર્ધારણ કરવાના આંતરિક પરિબળ નથી ?
(A) આર.ઓ.આઈ.
(B) નફો
(C) રોકડ પ્રવાહ
(D) માંગ

16. સંગઠનાત્મક સંસ્કૃતિ મોટે ભાગે _____ દ્વારા પ્રભાવિત થાય છે.
(A) પ્રૌદ્યોગિક (ટેકનોલોજી)
(B) બજાર
(C) કર્મચારી
(D) ટોચ નું સંચાલન

17. મુલાકાત - આધારિત સંશોધનમાં, શબ્દ 'પ્રતિભાવ પૂર્વગ્રહ' નો સંદર્ભ આપે છે
(A) મુલાકાત લેનારની અપેક્ષાઓ દ્વારા રજૂ કરાયેલ પૂર્વગ્રહ
(B) મુલાકાત લેનાર સચોટ રીતે જવાબો નોંધવામાં નિષ્ફળ રહ્યા
(C) સહભાગીઓ અમુક પ્રશ્નોના જવાબ આપવાનો ઇનકાર કરે છે
(D) સામાજિક રીતે ઇચ્છનીય જવાબો આપના સહભાગીઓ

18. માંગની કિંમત સાપેક્ષતા અપરિવર્તનશીલ રીતે ઋણ છે કારણ કે
(A) માર્શલે માંગની કિંમત સાપેક્ષતાને ઋણ ધારી છે
(B) ધન અને ઋણ કિંમત સાપેક્ષતા વચ્ચે સરળતાથી ભેદ કરી શકાય
(C) ગણિતીય ચિન્હો અભૌતિક છે
(D) વ્યસ્ત સંબંધ માંગના નિયમની પૂર્વધારણા છે

19. In systematic sampling, what determines the selection interval K ?

(A) Total number of elements in the sample

(B) Total population size divided by the desired sample size

(C) Total sample size multiplied by the population size

(D) A random number generator

20. Given below are two statements :

Statement – I : High dividend payout may signal strong future growth of investors.

Statement – II : Firms that face higher flotation cost prefer internal financing.

In the light of the above statements, choose the correct answer from the options given below :

(A) Both Statement – I and Statement – II are true

(B) Statement – I is true, but Statement – II is false

(C) Both Statement – I and Statement – II are false

(D) Statement – II is true, but Statement – I is false

19. વ્યવસ્થિત (પદ્ધતિસર) નિદર્શમાં, પસંદગી અંતરાલ K શું નક્કી કરે છે?

(A) નિદર્શમાં ઘટકોની કુલ સંખ્યા

(B) કુલ વસ્તી કદને ઈચ્છિત નિદર્શના કદથી ભાગાકાર કરવો

(C) કુલ નિદર્શના કદને વસ્તીના કદથી ગુણાકાર કરવો

(D) રેન્ડમ (યદચ્છ) નંબર જનરેટર

20. નિચે બે વિધાનો આપેલા છે:

વિધાન I : ઉચાં ડિવીડન્ડની ચૂકવણી એ રોકાણકારોના ભવિષ્યનો મજબૂત વિકાસ દર્શાવે છે.

વિધાન II : જે પેઢીમાં ઉચી તરલતા પડતર હોય તે આંતરિક નાણાકીય સ્ત્રોત પસંદ કરે છે.

ઉપરોક્ત વિધાનોના સંદર્ભે નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

(A) બન્ને વિધાન – I અને વિધાન – II સાચા છે

(B) વિધાન – I સાચું છે પણ વિધાન – II ખોટું છે

(C) બન્ને વિધાન – I અને વિધાન – II ખોટા છે

(D) વિધાન – II સાચું છે પણ વિધાન – I ખોટું છે

21. Non-cash expenses are

1. Legal
2. Amortisation
3. Depreciation
4. Consultancy fees

Select the correct option :

(A) 1, 2 and 3

(B) 2, 3 and 4

(C) 2 and 3

(D) 1 and 4

22. Michael Porter's model of structural analysis of industries in Business Environment explains

(A) Consumer's behaviour only

(B) Producer's behaviour only

(C) Three forces of elasticity

(D) Five forces of competitive intensity

23. For a positively skewed distribution, which of the following is correct ?

(A) Arithmetic mean = Median = Mode

(B) Arithmetic mean < Median < Mode

(C) Arithmetic mean > Median > Mode

(D) No relationship between Arithmetic mean, median and mode

21. બિન-રોકડ ખર્ચા છે

1. કાયદાકીય
2. અનૃણીકરણ / ઋણમુક્તિ
3. ઘસારો
4. સલાહકાર ફી

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 2 અને 3

(B) 2, 3 અને 4

(C) 2 અને 3

(D) 1 અને 4

22. માઈકલ પોર્ટરનું ધંધાકીય પર્યાવરણમાં ઉદ્યોગોના માળખાકિય વિશ્લેષણનું મોડલ સમજાવે છે

(A) ફક્ત ઉપભોક્તાનું વર્તન

(B) ફક્ત ઉત્પાદકનું વર્તન

(C) સાપેક્ષતાના ત્રણ દળો

(D) સ્પર્ધાત્મક તીવ્રતાના પાંચ દળો

23. ધન વિષમ વિતરણ માટે નીચેનામાંથી કયું સાચુ છે ?

(A) ગણિતીય મધ્યક = મધ્યસ્થ = બહુલક

(B) ગણિતીય મધ્યક < મધ્યસ્થ < બહુલક

(C) ગણિતીય મધ્યક > મધ્યસ્થ > બહુલક

(D) ગણિતીય મધ્યક, મધ્યસ્થ અને બહુલક વચ્ચે કોઈ સંબંધ નથી

24. Match the items of List – I with the items of List – II and indicate the code of correct matching.

List – I	List – II
1. Section 6 (1)	a. Agricultural income
2. Section 10 (AA)	b. Leave travel concession
3. Section 10 (1)	c. Resident
4. Section 10 (5)	d. Leave salary

Code :

	1	2	3	4
(A)	a	d	c	b
(B)	d	c	a	b
(C)	c	d	a	b
(D)	d	c	b	a

25. Match the following items of List – I with items of List – II.

List – I	List – II
1. Patent	a. Reasonable requirements of public
2. Copyright	b. Shape, configuration or pattern
3. Compulsory licensing	c. Published and unpublished books
4. Design	d. An useful invention with novelty

Code :

	1	2	3	4
(A)	a	b	d	c
(B)	d	c	a	b
(C)	d	b	c	a
(D)	d	c	b	a

24. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે મેળ કરો અને યોગ્ય મળતાની સંજ્ઞા સૂચવો.

સૂચી – I	સૂચી – II
1. કલમ 6 (1)	a. કૃષિઆવક
2. કલમ 10 (AA)	b. રજા પ્રવાસ (મુસાફરી) રાહત
3. કલમ 10 (1)	c. રહિશ
4. કલમ 10 (5)	d. રજા પગાર

સંજ્ઞા :

	1	2	3	4
(A)	a	d	c	b
(B)	d	c	a	b
(C)	c	d	a	b
(D)	d	c	b	a

25. નીચે જણાવેલ સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે જોડો.

સૂચી – I	સૂચી – II
1. પેટન્ટ	a. લોકોની વ્યાજબી જરૂરિયાતો
2. કોપીરાઈટ	b. આકાર, રૂપરેખાંકન અથવા રચના
3. ફરજીયાત લાયસન્સ	c. પ્રકાશિત અને અપ્રકાશિત કૃતિઓ
4. ડીઝાઈન	d. નવીનતા સાથે ઉપયોગી શોધ

સંજ્ઞા :

	1	2	3	4
(A)	a	b	d	c
(B)	d	c	a	b
(C)	d	b	c	a
(D)	d	c	b	a

26. Consumers pass company developed products and services or audio, video or written information to others online is called;
(A) Digital marketing
(B) Viral marketing
(C) Urban marketing
(D) Rural marketing

27. When an employee is rated by his superior, peers and subordinates is called
(A) All round appraisal
(B) 360 degree appraisal
(C) Quality circle
(D) Kaizen appraisal

28. Problem of choice in Economics arises because
(A) Fulfilment of needs is considered desirable
(B) There are infinite number of wants
(C) There are unlimited resources in the economy
(D) Scarce resources have alternative uses

29. The value of extreme items do not influence the average for
(A) Arithmetic mean
(B) Harmonic mean
(C) Geometric mean
(D) Median

26. ગ્રાહકો પ્રચલિત કંપની પેદાશો અને સેવાઓ અથવા ઓડિઓ, વિડિયો અથવા લેખિત માહિતી અન્ય માટે ઓનલાઈન વિકસાવે છે તેને કહેવામાં આવે છે;
(A) ડિજીટલ માર્કેટીંગ
(B) વાયરલ માર્કેટીંગ
(C) શહેરી (અર્બન) માર્કેટીંગ
(D) ગ્રામિણ (રૂરલ) માર્કેટીંગ

27. જ્યારે કોઈ કર્મચારીને તેના ઉપરી અધિકારી, સાથીદારો અને ગૌણ અધિકારીઓ દ્વારા રેટિંગ આપવામાં આવે છે ત્યારે તેને કહેવામાં આવે છે
(A) સર્વાંગી મૂલ્યાંકન
(B) 360 ડીગ્રી મૂલ્યાંકન
(C) ગુણવત્તા વર્તુળ
(D) કાઈઝેન મૂલ્યાંકન

28. અર્થશાસ્ત્રમાં પસંદગીની સમસ્યા ઉદ્ભવે છે કારણ કે
(A) જરૂરિયાતોની પરિપૂર્ણતાને અપેક્ષિત માનવામાં આવે છે.
(B) જરૂરિયાતો અમર્યાદિત સંખ્યામાં છે.
(C) અર્થતંત્રમાં અમર્યાદિત સંશાધનો છે.
(D) અછતવાળા સંશાધનોનો વૈકલ્પિક ઉપયોગો

29. આત્યંતિક વસ્તુઓના મૂલ્યો ______ માટે સરેરાશને પ્રભાવિત કરતા નથી.
(A) ગાણિતિક મધ્યક
(B) હારાત્મક મધ્યક
(C) ગુણાત્મક મધ્યક
(D) મધ્યસ્થ

30. Rate of depreciation on furniture as per Income Tax Act, 1961 is ______ for the AY 2025 – 26.

(A) 5% (B) 15%

(C) 10% (D) 20%

31. CDSL was founded in the year

(A) 1935 (B) 1949

(C) 1955 (D) 1999

32. Match the items of List – I with items of List – II and indicate correct code of matching from the options.

List – I	List – II
1. Increase in Taxes	a. Qualitative Measure
2. Open Market Operations	b. Inflationary Fiscal Policy
3. Moral Suasion	c. Deflationary Fiscal Policy
4. Deficit Financing	d. Quantitative Measure

Code :

	1	2	3	4
(A)	a	b	c	d
(B)	c	d	a	b
(C)	b	a	d	c
(D)	d	a	b	c

33. __________ is the job of estimating the total financial worth of the brand.

(A) Brand tracking

(B) Brand auditing

(C) Brand equity

(D) Brand valuation

30. આવકવેરા ધારો, 1961 મુજબ રાચરચિલા પર ઘસારાનો દર આકરણી વર્ષ 2025-26 માટે ______ છે.

(A) 5% (B) 15%

(C) 10% (D) 20%

31. CDSLનું સ્થાપનાનું વર્ષ

(A) 1935 (B) 1949

(C) 1955 (D) 1999

32. સૂચી – I ની વસ્તુઓને સૂચી – II ની વસ્તુઓ સાથે મેળ કરો અને વિકલ્પમાંથી સાચી સંજ્ઞા સૂચવો.

સૂચી – I	સૂચી – II
1. કરવેરામાં વધારો	a. ગુણાત્મક પગલાં
2. ખુલ્લા બજાર કામગીરી	b. ફુગાવાજન્ય રાજકોષીય નીતી
3. નૈતિક સમજાવટ	c. મંદીજન્ય રાજકોષીય નીતી
4. ખાદ્ય ધિરાણ	d. જથ્થાત્મક પગલાં

સંજ્ઞા :

	1	2	3	4
(A)	a	b	c	d
(B)	c	d	a	b
(C)	b	a	d	c
(D)	d	a	b	c

33. _____ એ બ્રાન્ડની કુલ નાણાકીય મૂલ્યનો અંદાજ કરવાનું કામ કરે છે.

(A) બ્રાન્ડ ટ્રેકિંગ

(B) બ્રાન્ડ ઓડિટીંગ

(C) બ્રાન્ડ ઇક્વિટી

(D) બ્રાન્ડ મૂલ્યાંકન

34. A trademark recognition is valid for how many years from the date of registration ?

(A) 10 (B) 11

(C) 12 (D) 13

34. નોંધણી કર્યાની તારીખથી વ્યાપાર માર્કો (trademark) ની ઓળખ કેટલા વર્ષ સુધી માન્ય રહે છે ?

(A) 10 (B) 11

(C) 12 (D) 13

35. Coins in India is issued by

(A) Reserve Bank of India

(B) Government of India

(C) Prime Minister of India

(D) President of India

35. ભારતમાં ચલણી સિક્કાઓ _______ બહાર પાડે છે.

(A) ભારતીય રિઝર્વ બેન્ક

(B) ભારત સરકાર

(C) ભારતના વડાપ્રધાન

(D) ભારતના પ્રમુખ

36. Out of the following values, which one is not possible in probability ?

(A) $P(x) = 1$

(B) $\sum x P(x) = 3$

(C) $P(x) = 0.5$

(D) $P(x) = -0.5$

36. નીચેના મૂલ્યોમાંથી સંભાવનામાં કયું મૂલ્ય શક્ય નથી ?

(A) $P(x) = 1$

(B) $\sum x P(x) = 3$

(C) $P(x) = 0.5$

(D) $P(x) = -0.5$

37. Arrange in sequence the steps required in hedging foreign currency risk through a forward contract.

1. Enter contract with bank
2. Determine exposure amount
3. Fix forward rate
4. Agree on maturity date

Choose the correct answer from the options given below :

(A) 2, 3, 4 and 1

(B) 2, 4, 3 and 1

(C) 2, 1, 3 and 4

(D) 2, 3, 1 and 4

37. ફોરવર્ડ કોન્ટ્રાક્ટ દ્વારા વિદેશી ચલણના જોખમને હેજ કરવામાં સામેલ પગલાને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. બેન્ક સાથે કરાર દાખલ કરો.
2. એક્સપોજરની રકમ નક્કી કરો.
3. ફોરવર્ડ દર(રેટ) નક્કી કરો.
4. પાકતી તારીખ પર સંમત થાવો.

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

(A) 2, 3, 4 અને 1

(B) 2, 4, 3 અને 1

(C) 2, 1, 3 અને 4

(D) 2, 3, 1 અને 4

38. The income statement of a finance company differs from the income statement of a non-finance company due to the

1. Nature of operation
2. Size
3. Customers
4. Revenue sources

Select the correct answer from the options given below :

(A) 1 and 2

(B) 2 and 3

(C) 3 and 4

(D) 4 and 1

39. TRIPS and TRIMS are measures associated with

(A) GATT

(B) WTO

(C) European Union

(D) UNCTAD

40. Which of the following is not an example of agricultural income ?

(A) Income from sale of dried tobacco

(B) Income from growing and selling paddy, wheat and flowers

(C) Poultry farming

(D) Growing of tea leaves

38. નાણાંકીય કંપનીનું આવકપત્રક એ બિન-નાણાંકીય કંપનીના આવક પત્રકથી કઈ બાબતોમાં અલગ છે ?

1. કાર્યપ્રક્રિયાનું સ્વરૂપ
2. કદ
3. ગ્રાહકો
4. આવકના સ્ત્રોતો

નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો:

(A) 1 અને 2

(B) 2 અને 3

(C) 3 અને 4

(D) 4 અને 1

39. TRIPS અને TRIMS ના માપો ______ સાથે સંબંધિત છે.

(A) GATT

(B) WTO

(C) EU (European Union)

(D) UNCTAD

40. નીચેનામાંથી કયું કૃષિ આવકનું ઉદાહરણ નથી ?

(A) સુકી તમાકુના વેચાણથી આવક

(B) ડાંગર, ઘઉં અને ફૂલો ઉગાડવા અને વેચાણથી થતી આવક

(C) મરઘાં ઉછેર

(D) ચા ના પાંદડાનો ઉછેર

41. Match the items of List – I with the items of List – II and indicate the code of correct matching.

List – I (Institutions)	List – II (Functions)
1. NABARD	a. Insurance Regulator
2. IRDA	b. Industrial Loan
3. SEBI	c. Agricultural Finance
4. IDBI	d. Investor Protection

Code :

	1	2	3	4
(A)	d	b	c	a
(B)	c	a	d	b
(C)	d	c	a	b
(D)	c	d	b	a

42. Advertising originated from
(A) London
(B) Madrid
(C) Rome
(D) Frank Furt

43. What is punishment for hacking of computers ?
(A) Imprisonment up to 5 years or a fine of up to 3 lakh rupees or both
(B) Lifetime imprisonment
(C) Imprisonment up to 3 years or a fine of up to 5 lakh rupees
(D) A fine of up to 50 lakh rupees

41. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે મેળ કરો અને યોગ્ય મળતાની સંજ્ઞા સૂચવો.

સૂચી – I (સંસ્થા)	સૂચી – II (કાર્યો)
1. NABARD	a. વીમા નિયમનકાર
2. IRDA	b. ઔદ્યોગિક ધિરાણ
3. SEBI	c. કૃષિ ધિરાણ
4. IDBI	d. રોકાણકાર સુરક્ષા

સંજ્ઞા :

	1	2	3	4
(A)	d	b	c	a
(B)	c	a	d	b
(C)	d	c	a	b
(D)	c	d	b	a

42. જાહેરાતીકરણ ઉદ્ભવ થયેલ
(A) લંડન
(B) મેડ્રીડ
(C) રોમ
(D) ફ્રેન્ક ફર્ટ

43. કોમ્પ્યુટર "હેકીંગ" કરવા બદલ સજા શું છે ?
(A) 5 વર્ષ સુધીની કેદ અથવા 3 લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને
(B) આજીવન કેદ
(C) 3 વર્ષ સુધીની કેદ અથવા 5 લાખ રૂપિયા સુધીનો દંડ
(D) 50 લાખ રૂપિયા સુધીનો દંડ

44. Product Life Cycle Stages in the order are;

(A) Introduction, Growth, Maturity, Decline

(B) Introduction, Decline, Growth, Maturity

(C) Maturity, Decline, Introduction, Growth

(D) Growth, Maturity, Decline, Introduction

45. If the INR/USD exchange rates changes from ₹ 83.50 to ₹ 82.00, what has happened ?

(A) INR has depreciated

(B) INR has appreciated

(C) USD has appreciated

(D) USD has remain constant

46. Mutual funds are regulated by

(A) Government of India

(B) Ministry of Finance

(C) SEBI

(D) RBI

47. If the coefficient of determination is 1.0, the correlation coefficient :

(A) 0

(B) + 1.0 OR – 1.0

(C) 0.1

(D) 0.99

44. પેદાશ જીવન ચક્ર તબક્કાઓનો ક્રમ છે;

(A) પ્રવેશ, વિકાસ, પરિપક્વતા, ઘટાડો

(B) પ્રવેશ, ઘટાડો, વિકાસ, પરિપક્વતા

(C) પરિપક્વતા, ઘટાડો, પ્રવેશ, વિકાસ

(D) વિકાસ, પરિપક્વતા, ઘટાડો, પ્રવેશ

45. જો INR/USD નો દર ₹ 83.50 થી ₹ 82.00 થાય છે. તો શું થયું ?

(A) INR નું અવમૂલ્યન

(B) INR નું મૂલ્ય વધ્યું છે.

(C) USD નું મૂલ્ય વધ્યું છે.

(D) USD નું મૂલ્ય સ્થિર રહ્યું છે.

46. મ્યુચલ ફંડને નિયમન કરનાર

(A) ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયા

(B) મિનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ

(C) સેબી

(D) આર બી આઈ

47. જો નિર્ધારણનો ગુણાંક 1.0 છે, તો સહસંબંધ ગુણાંક :

(A) 0

(B) + 1.0 OR – 1.0

(C) 0.1

(D) 0.99

48. In relation to short run cost curves, which of the following statements are correct ?

a. When AC is falling, MC is less than AC.
b. When AC is rising, MC is greater than AC.
c. MC cuts AC, when AC itself is rising.
d. AVC will always lie below AC.

(A) a, b, c (B) b, c, d
(C) a, b, d (D) c, d, a

49. Period cost means
(A) Variable cost
(B) Primary cost
(C) Production cost
(D) Fixed cost

50. Match the items of List – I with the items of List – II and indicate the code of correct matching.

List – I	List – II
1. Apollo	a. Dairy products
2. Reymonds	b. Electronics goods
3. Amul	c. Hospitals
4. Sony	d. Textiles

Code :

	1	2	3	4
(A)	c	d	a	b
(B)	c	d	b	a
(C)	c	b	d	a
(D)	b	c	d	a

48. ટૂંકા ગાળાનાં ખર્ચ વક્રના સંદર્ભમાં નીચેનામાંથી ક્યાં વિધાનો સાચા છે ?

a. જ્યારે AC ઘટે છે, MC એ AC કરતા ઓછો છે.
b. જ્યારે AC વધે છે, MC એ AC કરતા વધુ છે.
c. MC એ AC ને છેદે છે, જ્યારે AC પોતે વધે છે.
d. AVC હંમેશા AC ની નીચે હશે.

(A) a, b, c (B) b, c, d
(C) a, b, d (D) c, d, a

49. સમય પડતર એટલે
(A) ચલિત પડતર
(B) પ્રાથમિક પડતર
(C) ઉત્પાદન પડતર
(D) સ્થિર પડતર

50. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે નો મેળ કરો અને યોગ્ય મળતાની સંજ્ઞા સૂચવો.

સૂચી – I	સૂચી – II
1. એપોલો	a. ડેરી પ્રોડક્ટ્સ
2. રેમન્ડ્સ	b. ઇલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુંઓ
3. અમુલ	c. દવાખાના
4. સોની	d. ટેક્સ ટાઈલ્સ

સંજ્ઞા :

	1	2	3	4
(A)	c	d	a	b
(B)	c	d	b	a
(C)	c	b	d	a
(D)	b	c	d	a

51. Health and Education Cess of 4% is payable on __________ for the Assessment Year 2025-26.

(A) Total Income
(B) Taxable Income
(C) Income Tax Payable
(D) Income Tax Payable plus Surcharge

51. આકરણી વર્ષ 2025-26 માટે ________ પર 4% આરોગ્ય અને શિક્ષણ ઉપકર ચૂકવવા પાત્ર છે.

(A) કુલ આવક
(B) કરપાત્ર આવક
(C) ચૂકવવા પાત્ર આવકવેરો
(D) ચૂકવવા પાત્ર આવકવેરો વત્તા અધિક લાગત

52. When consumers share a strong need that cannot be satisfied by an existing product, it is called

(A) Negative demand
(B) Latent demand
(C) Declining demand
(D) Irregular demand

52. જ્યારે ગ્રાહકો એવી મજબૂત જરૂરિયાત ધરાવે છે જે હાલની પેદાશ દ્વારા સંતોષી શકાતી નથી, ત્યારે તેને ______ કહેવામાં આવે છે.

(A) નકારાત્મક માંગ
(B) ગુપ્ત માંગ
(C) ઘટતી માંગ
(D) અનિયમિત માંગ

53. What is minimum number of designated partners required in Limited Liability Partnership ?

(A) One
(B) Two
(C) Three
(D) Four

53. મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીમાં ઓછામાં ઓછા કેટલા નિયુક્ત ભાગીદારો હોવા જરૂરી ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

54. Which one is not a training method ?

(A) Understudy
(B) Workshop
(C) Role play
(D) Recruitment

54. કઈ તાલીમની પદ્ધતિ નથી ?

(A) અવેજીપૂર્વાભ્યાસ
(B) કાર્યશાળા
(C) ભૂમિકા નાટક (રોલપ્લે)
(D) ભરતી

55. Contribution margin is also known as

(A) Operating profit
(B) Gross profit
(C) Marginal income
(D) Marginal cost

55. સીમાન્ત ફાળાને પણ કહે છે

(A) સંચાલકીય નફો
(B) કુલ નફો
(C) સીમાન્ત આવક
(D) સીમાન્ત પડતર

56. Which of the following is not an item of foreign portfolio investment ?
(A) Investment in Joint Venture
(B) Investment in FCCBs
(C) Investment in GDRs
(D) Investment of Foreign Institutional Investors

57. Given below the four sets of observations.
Which set has the minimum variation ?
1. 46, 48, 51, 55, 59
2. 30, 40, 50, 60, 70
3. 30, 40, 60, 90, 120
4. 48, 49, 50, 51, 52
(A) 1 (B) 2
(C) 3 (D) 4

58. RRBs were established in the year
(A) 1949 (B) 1969
(C) 1975 (D) 1996

59. In securitization deal, which entity is responsible for issuing securities to investors ?
(A) Organizer
(B) Servicer
(C) Special Purpose Vehicle (SPV)
(D) Rating Agency

60. An iso-quant with infinite efficient techniques would imply
(A) Convex curve to the origin
(B) Concave curve to the origin
(C) Discontinuous downward sloping curve to the origin
(D) Linear downward sloping line with respect to origin

56. નીચેનામાંથી કયુ વિદેશી પોર્ટફોલિયો રોકાણની વસ્તુ નથી ?
(A) સંયુકત સાહસોમાં રોકાણ
(B) એફ.સી.સી.બી.માં રોકાણ
(C) જી.ડી.આર. માં રોકાણ
(D) વિદેશી સંસ્થાકીય રોકાણકારોમાં રોકાણ

57. અવલોકનોના ચાર સેટ નીચે આપેલ છે.
ક્યા સમૂહમાં ન્યુનત્તમ પ્રસાર છે ?
1. 46, 48, 51, 55, 59
2. 30, 40, 50, 60, 70
3. 30, 40, 60, 90, 120
4. 48, 49, 50, 51, 52
(A) 1 (B) 2
(C) 3 (D) 4

58. RRB નું સ્થાપનાનું વર્ષ હતું
(A) 1949 (B) 1969
(C) 1975 (D) 1996

59. સિક્યોરીટાઈઝેશન ડીલમાં રોકાણકારોને જામિનગીરી જારી કરવા માટે કઈ એન્ટીટી જવાબદાર છે ?
(A) પ્રબંધક
(B) સેવાકાર
(C) ખાસ હેતુનું વાહન
(D) રેટીંગ એજન્સી

60. અનંત કાર્યક્ષમ તકનીકો સાથેનું સમ-ઉત્પાદન સૂચવે છે
(A) ઉગમબિંદુ તરફ બહીર્ગોળ વક્ર
(B) ઉગમબિંદુ તરફ અંતર્ગોળ વક્ર
(C) ઉગમબિંદુ તરફ અખંડ નીચે તરફ ઢાળવાળો વક્ર
(D) ઉગમબિંદુનાં સંદર્ભમાં સૂરેખ નીચે તરફ ઢાળવાળી રેખા

61. Which of this is least likely to be included in incremental cash flow for capital budgeting ?

(A) Cost saving due to automation

(B) Depreciation tax shield

(C) Sunk cost

(D) Change in working capital

62. The Mann-Whitney test (U-test) is the non-parametric alternative test to the

(A) One sample t-test

(B) Independent sample t-test

(C) Paired (related) sample t-test

(D) One-way ANOVA

63. Who has developed present value of future earning model of Human Resource Accounting ?

(A) Hekimian and Jones

(B) Resis Likert and Eric G. Flamholtz

(C) David Watson and Macarthy

(D) Lav and Schwartz

64. Which of the following factors motivates the companies to undertake CSR activities ?

(A) Avoidance of tax

(B) Enhancement of Brand reputation

(C) Possibility of employees' salary reduction

(D) Maximisation of shareholders' wealth

61. મૂડી અંદાજપત્ર માટે વધારાના રોકડપ્રવાહમાંથી કયું સૌથી ઓછું સમાવવામાં આવે તેવી શક્યતા છે ?

(A) સ્વયંચાલિત સાધનોના કારણે પડતર બચત

(B) ઘસારો કર કવચ

(C) ડૂબેલી પડતર

(D) કાર્યશીલ મૂડીમાં ફેરફાર

62. માન-વ્હિટની પરિક્ષણ (યુ-પરિક્ષણ) એ _____ નો બિન પ્રાચલિપ પરિક્ષણમાં વિકલ્પ છે.

(A) એક નિદર્શ ટી- પરિક્ષણ

(B) સ્વતંત્ર નિદર્શ ટી- પરિક્ષણ

(C) જોડકા (સંબંધિત) નિદર્શ ટી-પરિક્ષણ

(D) એક-માર્ગીય અનોવા

63. માનવ હિસાબી પદ્ધતિનું ભવિષ્યની કમાણીનું વર્તમાન મૂલ્ય મોડેલના પ્રણેતા કોણ છે ?

(A) હેકીમીયાન અને જોન્સ

(B) રેસીસ લાઈકર્ટ અને એરીક જી. ફ્લેમહોલ્ટ્જ

(C) ડેવીડ વોટસન અને મેકાર્થી

(D) લેવ અને સ્વાર્ટ્જ

64. નીચેનામાંથી કયું કંપનીઓને CSR ને લગતી પ્રવૃતિઓ કરવા માટેનું મુખ્ય પ્રેરક બળ છે ?

(A) કર વર્જન

(B) બ્રાન્ડની ખ્યાતી વધારવા

(C) કર્મચારીઓનો પગાર ઘટાડવા

(D) શેરહોલ્ડરોની સંપતિને વધુમાં વધુ કરવા

65. The need hierarchy theory was propounded by

(A) Elton Mayo

(B) Mc-Farland

(C) Abraham Maslow

(D) Kootz 'O' Donnel

66. Deposits under Foreign Currency Non-Resident (FCNR) Scheme can be accepted for a minimum period of

(A) 15 days (B) 3 months

(C) 6 months (D) 1 year

67. According to Modigliani-Miller, changing the capital structure (without taxes)

(A) increases firms value

(B) has no effect on firm value

(C) reduce WACC

(D) increases cost of equity

68. When a seller sets the initial price of a new product at a higher level, we call this strategy as

(A) Marginal cost pricing

(B) Going rate pricing

(C) Mark-up pricing

(D) Skimming pricing

65. આવશ્યક શ્રેણીસ્તરનો સિદ્ધાંત સૂચવાયેલ છે.

(A) એલ્ટન માયો

(B) મેક–ફારલેન્ડ

(C) એબ્રાહમ મેસલો

(D) નુડઝે 'ઓ' ઓડોનલ

66. વિદેશી ચલણ બિન – નિવાસી (FCNR) યોજના હેઠળ થાપણો ઓછામાં ઓછા ______ સમયગાળા માટે સ્વીકારી શકાય છે.

(A) 15 દિવસ (B) 3 મહિના

(C) 6 મહિના (D) 1 વર્ષ

67. મોડીગ્લાની–મિલર (કર વગર) ના મતે જ્યારે મૂડી માળખું બદલાય છે. ત્યારે

(A) પેઢીના મૂલ્યમાં વધારો

(B) પેઢીના મૂલ્ય પર કોઈ અસર થતી નથી

(C) મૂડીની ભારિત સરેરાશ પડતર ઘટશે

(D) ઇક્વિટીની પડતર વધે છે

68. જ્યારે વેચનાર નવા ઉત્પાદનની પ્રારંભિક કિંમત ઉંચા સ્તરે સેટ કરે છે, ત્યારે આપણે આ વ્યૂહરચનાને ____ કહીએ છીએ.

(A) સીમાન્ત ખર્ચ કિંમત

(B) ચાલુ દર કિંમત

(C) અપ-ચિન્હ કિંમત

(D) સ્કિમિંગ(મલાઈદાર) કિંમત

69. The present Governor of Reserve Bank of India is

(A) Raghuram Rajan

(B) Urjit Patel

(C) Sanjay Malhotra

(D) Sakthikantha Das

70. People and materials should be in the right place at the right time is called

(A) Unity of command

(B) Order

(C) Unity of direction

(D) Discipline

71. The Doctrine of Caveat Emptor came into force to

(A) Make the seller responsible

(B) Make the buyer aware of his responsibility

(C) Terminate a contract of sale by the seller

(D) Safeguard a seller against his wrong practices

69. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના વર્તમાન ગર્વનર છે

(A) રઘુરામ રાજન

(B) ઉર્જીત પટેલ

(C) સંજય મલ્હોત્રા

(D) શક્તિકાન્તા દાસ

70. લોકો અને માલસામગ્રી એ સાચા સમયે સાચી જગ્યા પર હોય તેને _____ કહેવાય.

(A) યુનીટી ઓફ કમાન્ડ

(B) ઓર્ડર

(C) યુનીટી ઓફ ડાઈરેક્શન

(D) ડિસીપ્લીન

71. કેવિએટ એમ્પટરનો સિદ્ધાંત અમલમાં આવ્યો

(A) વેચનારને જવાબદાર બનાવવા

(B) ખરીદનારને તેની જવાબદારીથી વાકેફ કરવા

(C) વિક્રેતા દ્વારા વેચાણનાં કરારને સમાપ્ત કરવા

(D) વિક્રેતાને તેની ખોટી પ્રથા સામે રક્ષણ કરવા

72. Match the items of List – I with items of List – II and indicate correct code of matching.

List – I (Segmentation)	**List – II (Basis)**
1. Geographic	a. Loyalty status, occasion, benefits, user status
2. Demographic	b. Social class, life style, personality
3. Psychographic	c. Age, gender, income, occupation
4. Behavioural	d. Nations, regions, States, cities population, climate

Code :

	1	2	3	4
(A)	d	c	b	a
(B)	d	c	a	b
(C)	c	d	a	b
(D)	d	b	a	c

73. Cash gift received from a non-relative is regarded as income. But exempt amount is __________ p.a. for the Assessment Year 2025-26.

(A) ₹ 25,000 (B) ₹ 75,000

(C) ₹ 50,000 (D) ₹ 1,00,000

72. સૂચી –I ની બાબતોને સૂચી –II ની બાબતો સાથે સાચી સંજ્ઞાથી જોડો.

સૂચી – I (વિભાગીકરણ)	સૂચી – II (આધાર)
1. ભૌગોલીક	a. વફાદાર હોદ્દો, પ્રસંગ, ફાયદા ઉપયોગ કરનારનો હોદ્દો
2. વસ્તીશાસ્ત્રવિષયક	b. સામાજીક વર્ગ, જીવનશૈલી, વ્યક્તિત્વ
3. માનસશાસ્ત્રીય	c. ઉંમર, જાતી, આવક, વ્યવસાય
4. વર્તણુકીય	d. દેશ, પ્રદેશ, રાજ્ય, શહેર, વસ્તી, હવામાન

સંજ્ઞા :

	1	2	3	4
(A)	d	c	b	a
(B)	d	c	a	b
(C)	c	d	a	b
(D)	d	b	a	c

73. સંબંધી ન હોય તેની પાસેથી મળેલી રોકડ ભેટ આવક છે. પણ આકારણી વર્ષ 2025-26 માં ________ રકમ કરમુક્ત છે.

(A) ₹ 25,000 (B) ₹ 75,000

(C) ₹ 50,000 (D) ₹ 1,00,000

74. Which of the following would decrease Weighted Average Cost of Capital (WACC) assuming other thing as constant ?
(A) increase in cost of equity
(B) increase in debt ratio when cost of debt is less than cost of equity
(C) reduction in tax rate
(D) increase in market risk premium

75. The residual in a regression model is defined as
(A) The predicted value of the dependent variable
(B) The coefficient of the independent variable
(C) The difference between observed and predicted values of the dependent variable
(D) The total variation in the dependent variable

76. Debenture is called a __________ security.
(A) Junior (B) Senior
(C) Hybrid (D) Gilt

77. Which of the following is not an element of planning ?
(A) Policy (B) Programme
(C) Information (D) Procedure

78. Consent means
(A) Unity of minds on the same thing
(B) Unity of minds in the same sense
(C) Meeting of minds on the same thing in the same sense
(D) Agreeing on the same thing in the same sense

74. બાકી બધું સ્થિર ધારીને, નીચેનામાંથી કયું મૂડીની ભારીત સરેરાશ પડતર (WACC) ઘટાડશે.
(A) ઇક્વિટીની પડતરમાં વધારો થવાથી
(B) જ્યારે દેવાની પડતર એ ઇક્વિટીની પડતર કરતા ઓછી હોય ત્યારે દેવાના ગુણોતરમાં વધારો કરવાથી
(C) કરવેરાના દર ઘટવાથી
(D) માર્કેટનું જોખમ પ્રિમિયમ વધવાથી

75. નિયતસંબંધનમૂનામાં (રીગ્રેશન મોડેલમાં) શેષ (ત્રુટી) ને આ રીતે વ્યાખ્યાયીત કરવામાં આવે છે
(A) આધારિત ચલનું અનુમાનિત મૂલ્ય
(B) સ્વતંત્ર ચલનો ગુણાંક
(C) આધારિત ચલના અવલોકન કરેલ અને અનુમાનિત મૂલ્યો વચ્ચેનો તફાવત
(D) આધારિત ચલમાં કુલ વિચલન

76. ડીબેન્ચરને _____ જામીનગીરી કરે છે.
(A) જુનીયર (B) સિનિયર
(C) હાઈબ્રિડ (D) ગિલ્ટ

77. નીચેનામાંથી કયું આયોજનનું તત્વ નથી?
(A) નીતી (B) કાર્યક્રમ
(C) માહિતી (D) કાર્યવાહિ

78. સંમતિ એટલે
(A) કોઈ એક સરખી બાબત અંગે માનસિક રીતે એકરૂપતા હોવી
(B) કોઈ એક સરખી બાબત અંગે એકસરખો અર્થ સમજવો
(C) કોઈ એક સરખી બાબત અંગે માનસીક રીતે એકરૂપતા સાથે એકસરખો અર્થ સમજવો
(D) કોઈ એક સરખી બાબત અંગે એક સરખા અર્થ સાથે સંમતી હોવી

79. Match the items in List – I with items of List – II and indicate the correct code from the options.

List – I	List – II
1. Basic Balance	a. Balance arising out of goods and services exported and imported
2. Overall Balance	b. Balance of payment always balances
3. Balance of Trade	c. Balance of payment on Current Account plus Long Term Capital Account
4. Accounting Balance	d. Balance of payment on Current Account and Capital Account put together

Code :

	1	2	3	4
(A)	c	d	a	b
(B)	b	a	d	c
(C)	d	a	b	c
(D)	a	d	c	b

80. In current assets, most idle asset is

(A) Inventories

(B) Bank balance

(C) Debtors

(D) Cash

79. સૂચી – I માંની વસ્તુઓને સૂચી – II ની વસ્તુઓ સાથે મેચ કરો અને વિકલ્પમાંથી સાચો કોડ સૂચવો.

સૂચી – I	સૂચી – II
1. મૂળભૂત સમતુલા	a. નિકાસ અને આયાત કરાવેલ માલ અને સેવાઓમાંથી ઉદ્ભવતી સમતુલા
2. સમગ્ર સમતુલા	b. ચૂકવણીની સમતુલા હંમેશા સંતુલિત રહે છે.
3. વ્યાપાર સમતુલા	c. ચાલુ ખાતા પર ચૂકવણીની સમતુલા વત્તા લાંબાં ગાળાના મૂડી ખાતા
4. હિસાબી સમતુલા	d. ચાલુ ખાતા અને મૂડી ખાતા પર ચૂકવણીની સમતુલા એકસાથે

સંજ્ઞા :

	1	2	3	4
(A)	c	d	a	b
(B)	b	a	d	c
(C)	d	a	b	c
(D)	a	d	c	b

80. ચાલુ મિલકતોમાં, સૌથી નિષ્ક્રિય મિલકત છે

(A) માલસામગ્રી

(B) બેંક સિલક

(C) દેવાદારો

(D) રોકડ

81. In monopoly, price is higher and output is smaller than those under perfect competition because

(A) Monopolist faces a downward sloping AR curve

(B) Monopolist faces a perfectly elastic AR curve

(C) AR curve is actually demand curve for the monopolist

(D) Monopolist can decide price and output both at the same time

82. Which scenario justifies sale and lease back as a financing strategy ?

(A) Asset has low residual value

(B) Company wants to increase its liquidity

(C) Asset is highly depreciated

(D) Company wants liquidity and use of the asset at the same time

83. Cluster sampling is ___________ within and __________ between the cluster.

(A) Homogeneous, Heterogeneous

(B) Homogeneous, Independent

(C) Heterogeneous, Independent

(D) Heterogeneous, Homogeneous

84. CIBIL denotes

(A) Credit Index Bureau (India) Limited

(B) Credit Information Bureau (India) Limited

(C) Credit Indices Bureau (India) Limited

(D) Credit India Bureau Information Limited

81. ઇજારામાં, પૂર્ણ હરીફાઈ કરતા કિંમત વધારે હોય છે અને ઉત્પાદન ઓછું હોય છે કારણ કે

(A) ઈજારદાર નીચે તરફ ઢાળવાળા AR વક્રનો સામનો કરે છે

(B) ઈજારદાર સંપૂર્ણ સાપેક્ષ AR વક્રનો સામનો કરે છે

(C) AR વક્ર ખરેખર ઈજારદાર માટે માંગ વક્ર છે

(D) ઇજારદાર એકજ સમયે કિંમત અને ઉત્પાદન બન્ને નક્કી કરી શકે છે

82. ક્યા સંજોગોમાં ભાડાપટ્ટે પરત (લીઝબેક) ને નાણાકીય વ્યૂહરચના તરીકે વ્યાજબી ઠેરવે છે ?

(A) મિલકતનું શેષ મૂલ્ય ઓછું છે

(B) કંપની તેની પ્રવાહિતા વધારવા માંગે છે

(C) મિલકતોનું ખુબ જ અવમૂલ્યન થયું છે

(D) કંપની પ્રવાહિતા ઈચ્છે છે પરંતુ તેમ છતાં મિલકતનો ઉપયોગ કરે છે

83. ઝૂમખા (ગુચ્છ) નિદર્શન અંદરથી _____ છે અને ઝૂમખા (ગુચ્છ) વચ્ચે ____ છે.

(A) સમરૂપ, વિષમ

(B) સમરૂપ, સ્વતંત્ર

(C) વિષમ, સ્વતંત્ર

(D) વિષમ, સમરૂપ

84. CIBIL દર્શાવે છે

(A) Credit Index Bureau (India) Limited

(B) Credit Information Bureau (India) Limited

(C) Credit Indices Bureau (India) Limited

(D) Credit India Bureau Information Limited

85. Four Ps of marketing mix
(A) Planning, Price, Promotion, Place
(B) Product, Price, Promotion, Place
(C) Product, Price, Positioning, Promoting
(D) Product, Plan, Practice, Promote

86. Income Tax is imposed by
(A) State Government
(B) Central Government
(C) Both of the above
(D) Constitution of India

87. The concept of 'Factor Abundance' was developed by
(A) Heckscher and Ohlin
(B) David Ricardo
(C) Adam Smith
(D) Paul Samuelson

88. A portfolio has two assets :
Asset M : 40%, Return = 10%, Standard Deviation = 15%.
Asset N : 60%, Return = 12%, Standard Deviation = 20%
Correlation = 1
What is portfolio standard deviation ?
(A) 18% (B) 28%
(C) 38% (D) 17.6%

89. Which one of the following is allowing customers to transfer funds from their accounts to retail establishments ?
(A) CBS (B) DBS
(C) IBS (D) POS

85. બજારીકરણ મિશ્રણના 4 Ps
(A) પ્લાનીંગ, પ્રાઈસ, પ્રમોશન, પ્લેસ
(B) પ્રોડક્ટ, પ્રાઈસ, પ્રમોશન, પ્લેસ
(C) પ્રોડક્ટ, પ્રાઈસ, પોસીશનીંગ, પ્રમોટીંગ
(D) પ્રોડક્ટ, પ્લાન, પ્રેક્ટીસ, પ્રમોટ

86. આવકવેરો _______ દ્વારા લાદવામાં આવ્યો છે.
(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) ઉપરોક્ત બન્ને
(D) ભારતના સંવિધાન

87. પરિબળ વિપુલતાનો ખ્યાલ _______ વિકસાવ્યો હતો.
(A) હેક્મર અને ઓહલીન
(B) ડેવિડ રિર્કાડો
(C) એડમ સ્મિથ
(D) પોલ સેમ્યુલસન

88. એક પોર્ટફોલિયોમાં બે મિલકતો છે.
મિલકત M : 40%, વળતર = 10%, પ્રમાણભૂત વિચલન = 15%
મિલકત N : 60%, વળતર = 12%, પ્રમાણભૂત વિચલન = 20%
સહસંબંધ = 1
પોર્ટફોલિયોનું પ્રમાણભૂત વિચલન કેટલું થશે ?
(A) 18% (B) 28%
(C) 38% (D) 17.6%

89. નીચેનામાંથી કયું ગ્રાહકોને તેમના ખાતામાંથી છૂટક સ્થાપનામાં ભંડોળ તબદીલ કરવાની મંજૂરી આપે છે ?
(A) સી.બી.એસ. (B) ડી. બી. એસ.
(C) આઈ. બી. એસ. (D) પી. ઓ. એસ.

90. Balance in current account is classified as
(A) Hybrid deposit
(B) Term deposit
(C) Demand deposit
(D) Flexi deposit

91. The Principle "Espirit-De-Corps" was enunciated by;
(A) Henry Fayol (B) R. C. Davis
(C) Peter Drucker (D) F. W. Taylor

92. Penetration Pricing Strategy means;
(A) High price at introduction stage
(B) Low price at introduction stage
(C) Moderate price at introduction stage
(D) Competitive price at introduction stage

93. Which of the following is not an essential feature of a valid promissory note ?
1. It must be signed by maker.
2. It must be executed by affixing stamps of a specified value.
3. It must be in writing.
4. It must be registered.

Choose the correct answer from the options given below :

Code :
(A) Only 1 (B) 1 and 2
(C) 3 and 4 (D) Only 4

90. ચાલુ ખાતામાં બેલેન્સ ______ તરીકે વર્ગીકૃત થયેલ છે.
(A) હાઈબ્રિડ થાપણ
(B) મુદત થાપણ
(C) માંગ થાપણ
(D) ફ્લેક્સી થાપણ

91. "એસ્પીરીટ-ડી-કોર્પ્સ" સિદ્ધાંતને વ્યાખ્યાતિ કરેલ હતી;
(A) હેન્રી ફેયોલ (B) આર. સી. ડેવીસ
(C) પીટર ડ્રકર (D) એફ. ડબલ્યુ. ટેલર

92. બજારપ્રવેશ કિંમત નીતિની વ્યૂહરચના એટલે;
(A) પ્રવેશ તબક્કામાં ઊંચી કિંમતે
(B) પ્રવેશ તબક્કામાં નીચી કિંમતે
(C) પ્રવેશ તબક્કામાં વ્યાજબી કિંમતે
(D) પ્રવેશ તબક્કામાં સ્પર્ધાત્મક કિંમતે

93. નીચેનામાંથી કયું માન્ય લક્ષણવચન ચિઠ્ઠી માટે હોવું જરૂરી નથી ?
1. કર્તા દ્વારા સહિ થયેલી હોવી જોઈએ.
2. વચન ચિઠ્ઠી સાથે ચોક્કસ મૂલ્યનો સ્ટેમ્પ લગાડવો જરૂરી.
3. લેખિત હોવી જોઈએ.
4. નોંધાયેલ હોવી જરૂરી છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

સંજ્ઞા :
(A) માત્ર 1 (B) 1 અને 2
(C) 3 અને 4 (D) માત્ર 4

94. Standard deduction from gross salary is restricted to for the Assessment Year 2025 – 26. Provided taxed under new regime.

(A) ₹ 50,000 (B) ₹ 75,000

(C) ₹ 1,00,000 (D) ₹ 1,50,000

95. Mr. Krishna, traced a missing person and was awarded a sum of ₹ 1 lakh but there was no agreement. Such sum is treated as

(A) Casual income and fully taxable

(B) Casual income and exempt upto ₹ 2,50,000

(C) Fully exempt

(D) Casual income and taxable upto ₹ 5,00,000

96. The Government of India passed Information Technology Act, 2000 with objective

1. To provide legal sanction to all transactions for e-commerce.
2. To facilitate electronic filing of all documents of Government.
3. To amend Indian Penal Code and Indian Evidence Act.
4. To punish cyber crimes.

Choose the correct answer from the options given below.

Code :

(A) Only 1 (B) 1 and 2

(C) 1, 2 and 3 (D) 1, 2, 3 and 4

94. આકરણ વર્ષ 2025-26 માં નવી ટેક્સ રેજીમ મુજબ ગ્રોસ સેલેરીમાંથી મળવાપાત્ર પ્રમાણિત કપાત _____ છે.

(A) ₹ 50,000 (B) ₹ 75,000

(C) ₹ 1,00,000 (D) ₹ 1,50,000

95. શ્રી કૃષ્ણએ ગુમ થયેલ વ્યક્તિને શોધી કાઢેલ જે માટે તેને ₹ 1 લાખનું ઇનામ આપવામાં આવેલ છે આ અંગે કોઈ કરાર કરેલ ન હતો. આવી રકમને ગણવામાં આવે છે

(A) આકસ્મિક આવક અને સંપૂર્ણ કરપાત્ર

(B) આકસ્મિક આવક અને ₹ 2,50,000 સુધી કરમુક્ત

(C) સંપૂર્ણ કરમુક્ત

(D) આકસ્મિક આવક અને ₹ 5,00,000 સુધી કરપાત્ર

96. ભારત સરકાર દ્વારા પસાર કરાયેલ ઇન્ફર્મેશન ટેકનોલોજી ધારો 2000 નાં ઉદ્દેશો

1. e-કોમર્સમાં કરાયેલ તમામ વ્યવહારોને કાયદાકીય અધીકૃતિ આપવા
2. તમામ સરકારી દસ્તાવેજોનું ઈલેક્ટ્રોનીક ફાઈલીંગ સરળ કરવા
3. ઇન્ડીયન પીનલ કોડ અને ઇન્ડીયન એવિડન્સ એક્ટમાં ફેરફાર કરવા
4. સાયબર ગુન્હા અંગે સજા કરવા

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

સંજ્ઞા :

(A) ફક્ત 1 (B) 1 અને 2

(C) 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

97. Which of the following character is not comes under the 'Trait's theory' ?

(A) Physical constitutional factors

(B) Intelligence

(C) Self-confidence

(D) Dependence

98. Match the items in List – I with the items of List – II and indicate the code of correct matching.

List – I	**List – II**
1. NPV	a. Time taken to recover initial investment
2. IRR	b. Value created per ₹1 invested
3. Payback period	c. Discounted cashflow method using cut-off rate
4. Profitability index	d. Present value of future cash flows minus cost

Code :

	1	2	3	4
(A)	d	c	a	b
(B)	c	d	b	a
(C)	b	d	a	c
(D)	d	a	c	b

97. નીચેનામાંથી કયું પાત્ર 'લક્ષણ સિદ્ધાંત' (ટ્રેઈટ થીયરી) હેઠળ આવતું નથી ?

(A) ભૌતિક બંધારણીય પરિબળો

(B) બુદ્ધિ

(C) આત્મવિશ્વાસ

(D) આધારિત

98. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે નો મેળ કરો અને યોગ્ય મળતાનો કોડ સૂચવો.

સૂચી – I	**સૂચી – II**
1. NPV	a. પ્રારંભિક રોકાણ પુન: પ્રાપ્ત કરવા લાગેલો સમય
2. IRR	b. રોકાણ કરેલ ₹ 1 દીઠ બનાવેલ મૂલ્ય
3. Payback Period	c. વટાવ રોકડ પ્રવાહ પદ્ધતિ મર્યાદા સૂચક (કટ ઓફ) દરનો ઉપયોગ કરીને
4. નફાકારકના સૂચનાંક	d. ભવિષ્યના રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય બાદ

સંજ્ઞા :

	1	2	3	4
(A)	d	c	a	b
(B)	c	d	b	a
(C)	b	d	a	c
(D)	d	a	c	b

99. United Nations Conference on Trade and Development (UNCTAD) was established in the year

(A) 1962

(B) 1971

(C) 1929

(D) 1963

100. Match the items of List – I with the items of List – II and indicate the code of correct matching.

List – I	List – II
1. Finance cost	a. Interest cost
2. Tangible asset	b. Copyrights
3. Intangible asset	c. Building
4. Non-finance cost	d. Depreciation

Code :

	1	2	3	4
(A)	a	c	b	d
(B)	a	d	c	b
(C)	d	a	b	c
(D)	b	c	d	a

99. યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલોપમેન્ટ (UNCTAD) _______ વર્ષમાં સ્થાપિત થયું હતું.

(A) 1962

(B) 1971

(C) 1929

(D) 1963

100. સૂચી – I ની બાબતોને સૂચી – II ની બાબતો સાથે સાચી સંજ્ઞાથી જોડો :

સૂચી – I	સૂચી – II
1. નાણાંં પડતર	a. વ્યાજ પડતર
2. દ્રશ્ય મિલકત	b. ગ્રંથાસ્વામિત્વનો હક્ક (કોપીરાઈટ)
3. અદ્રશ્ય મિલકત	c. મકાન
4. બિનનાણાંં પડતર	d. ઘસારો

સંજ્ઞા :

	1	2	3	4
(A)	a	c	b	d
(B)	a	d	c	b
(C)	d	a	b	c
(D)	b	c	d	a

Space for Rough Work